1. ચંદ્રગુપ્ત દ્વિતીયના રાજ્યની શોભા અને કીર્તિ કઈ કઈ પ્રતિભાઓ વધારતી હતી?

- કાલિદાસ, અમરસિહ, શંકુ, ક્ષપણક, વેતાલ ભટ્ટ, વરરુચિ ગબટપર્વ, વરાહમિહિર, ધનવંતરી જેવી પ્રતિભાઓ ચંદ્રગુપ્ત દ્વિતીયના રાજ્યની શોભા અને કીર્તિ વધારતી હતી.

2. સમ્રાટ હર્ષવર્ધનના પૂર્વજોનાં નામ જણાવો.

- સમ્રાટ હર્ષવર્ધનના પૂર્વજો માં મુખ્ય ચાર રાજાઓ અંગે માહિતી પ્રાપ્ત થાય છે. (1) નરવર્ધન, (2) રાજ્યવર્ધન પ્રથમ, (3) આદિત્યવર્ધન અને (4) પ્રભાકરવર્ધન.

3. હર્ષવર્ધનના શીરે પાણેશ્વર અને કનોજનાં બે રાજ્યોની જવાબદારી કેવી રીતે આવી?

- માળવાના રાજા દેવગુપ્ત કનોજ પર હૂમલો કરી ત્યાંના રાજા ગૃહવર્ધનની હત્યા કરી અને હર્ષવર્ધનની બહેન રાજ્યશ્રીને કેદ કરી તથા હર્ષવર્ધનનો મોટા ભાઈ અને થાણેશ્વરના રાજા રાજ્યવર્ધનને ગૌડ રાજા શશાંકે દગાથી મારી નાખ્યો, આથી હર્ષવર્ધનના શીરે થાણેશ્વર અને કનોજનાં બે રાજ્યોની જવાબદારી આવી..

4. ગુપ્તયુગમાં કયા કયા ઉદ્યોગોનો વિકાસ થયો હતો?

- ગુપ્તયુગમાં મુખ્યત્વે વસ્ત્ર, ચર્મ અને ધાતુઉદ્યોગ ઉપરાંત હાથીદાંત અને તેની બનાવટો, બહુમૂલ્ય જ ડીબુટ્ટીઓ, ઓષધો તથા લાખે, સુંદર અને ઈમારતી લાકડાં તથા જહાજો બનાવવા વગેરે ઉદ્યોગોનો વિકાસ થયો હતો.

5. ગુપ્તયુગનાં ક્યાં સ્થાપત્યો હાલમાં પ્રસિદ્ધ છે?

- ગુપ્તયુગનાં પ્રસિદ્ધ સ્થાપત્યોમાં જબલપુર(નિનોવા)નું પાર્વતીમંદિર, ભૂમરા(નાગડ)નું શિવમંદિર, એરણ (મધ્ય પ્રદેશ)નું નૃસિંહ મંદિર, ભીતરગાંવ (કાનપુર)નું ઈંટેરી મંદિર અને દેવગઢ મંદિર તથા જામનગરનું ગોપમંદિર પ્રસિદ્ધ છે.

6. ઈતિહાસકારો ગુપ્તયુગને પ્રાચીન ભારતનો સુવર્ણયુગ શાથી ગણે છે ?

- આધુનિક ઈતિહાસકાર ડો. આર. સી. મજુમદાર ગુપ્તયુગને પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો સુવર્ણયુગ કહે છે. ‘સુવર્ણયુગ’ એટલે માનવજીવન અને સંસ્કૃતિનાં સર્વ ક્ષેત્રોમાં ઉન્નતિ અને પ્રગતિ. ગુપ્તયુગમાં રાજકીય, આર્થિક, ધાર્મિક, સાહિત્ય, કલા, વિજ્ઞાન અને ધર્મનાં ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ થઈ હતી. ગુપ્તયુગમાં ભારતે અદ્ભુત બૌદ્ધિક પ્રગતિ અને આર્થિક વિકાસ સાધ્યાં હતાં, ગુપ્ત સમ્રાટોની સુદઢ અને પ્રજાકલ્યાણ કારી શાસનવ્યવસ્થાને લીધે ભારતની પ્રજાને શાંતિ અને સલામતી મળ્યાં, આથી ઈતિહાસકારો ગુપ્તયુગને પ્રાચીન ભારતનો સુવર્ણયુગ ગણે છે.

7. સમુદ્રગુપ્તને વિશિષ્ટ પ્રકારનો વિજેતા કેમ ગણવામાં આવે છે?

➢ સમુદ્રગુપ્ત સમગ્ર ભારતમાં પોતાનું એકચકી શાસન સ્થાપવા માંગતો હતો. પોતાની મુશ્કેલીઓ અને મર્યાદાઓને ઓળખીને પોતાના સામ્રાજ્યને ટકાવી રાખવા જરૂરી વિવેકબુદ્ધિથી તેણે કામ કર્યું. તેણે દક્ષિણાપથનો જિતાયેલાં રાજ્યોને ગુપ્ત સામ્રાજ્યમાં ભેળવી દેવાની ઉતાવળ કરવાને બદલે તેમને માત્ર ખંડિયા રાજ્યનો દરજ્જો આપી સંતોષ માન્યો. આ જ પ્રમાણે સરહદ પારનાં રાજ્યો સાથે મૈત્રીસંબંધો બાંધીને કુનેહપૂર્વક વિદેશી આક્રમણનો ભય ટાળ્યો. આથી સમુદ્રગુપ્તને વિશિષ્ટ પ્રકારનો વિજેતા ગણવામાં આવે છે.

8. હૂણોનાં આક્રમણોએ ગુપ્ત સામ્રાજ્યને કઈ રીતે ભારે હાનિ પહોંચાડી ?

➢ સ્કંદગુપ્તના અવસાન પછી ગુપ્ત સામ્રાજ્યને યોગ્ય રીતે સંભાળવામાં તેના મોટા ભાગના ઉત્તરાધિકારીઓ નિષ્ફળ પુરવાર થયા. ગુપ્ત રાજાઓ મિહિર કુલ અને તોરમાણ જેવા હૃષ્ણોનાં આક્રમણોને કારણે આર્થિક રીતે સાવ ધસાઈ ગયા હતા. તેમની સત્તામાંથી પશ્ચિમ ભારતના મોટી આવક આપતા પ્રદેશો નીકળી ગયા હતા. આમ, હૂણોનાં આક્રમણોએ ગુપ્ત સામ્રાજ્યને ભારે હાનિ પહોંચાડી.

9. કવિ કાલિદાસનું નામ શાથી જાણીતું છે ?

➢ ચંદ્રગુપ્ત દ્વિતીય વિદ્વાન અને સંસ્કારી રાજા હતો. એમ કહેવાય છે કે તેનો દરબાર નવરત્નો(વિદ્વાનો)થી શોભતો હતો. સંસ્કૃત ભાષાના શ્રેષ્ઠ નાટ્યલેખક અને મહાકવિ કાલિદાસ તેના દરબારનું અમૂલ્ય રત્ન હતું. રાજ કવિ કાલિદાસે ‘અભિજ્ઞાનશાકુંતલ’, ‘મેઘદૂત’, ‘કુમારસંભવ’. ‘માલવિકાગ્નિમિત્ર’, ‘રઘુવંશ’, ‘વિક્રમોર્વશીય’ જેવા ઉત્તમ સાહિત્યની રચના કરી હતી. ‘અભિજ્ઞાનશાકુંતલ’ સંસ્કૃત સાહિત્યમાં આજે પણ સર્વશ્રેષ્ઠ નાટક ગણાય છે. કાલિદાસનું નાટ્યકોશલ્ય તેમાં ચરમસીમાએ પહોચેલું જોવા મળે છે, દુનિયાની વિવિધ ભાષાઓમાં તેના અનુવાદો થયા છે. તેમજ અનેકા દેશોમાં તે ભજવાયું પણ છે. તેનાં ‘રઘુવંશ’ અને ‘કુમારસંભવ’ નામનાં મહાકાવ્યો ઘણી પ્રસિદ્ધિ પામ્યાં છે. તેનાં ‘મેઘદૂત’ અને ‘ઋતુસંહાર’ નામનાં કાવ્યો ખંડકાવ્યોના શ્રેષ્ઠ નમૂના ગણાય છે. આમ, કવિ કાલિદાસનું નામ જાણીતું છે.

10.સમ્રાટ હર્ષવર્ધનને વિદ્વાન રાજા કેમ માનવામાં આવે છે?

➢ સમ્રાટ હર્ષવર્ધન વિદ્યાપ્રેમી અને સાહિત્યરસિક રાજા હતો. તેનો દરબાર વિદ્વાનોથી શોભતો હતો. તે પોતે પણ સારો કવિ અને નાટ્યકાર હતો. તેણે ‘પ્રિયદર્શિકા’, ‘રત્નાવલિ’ અને ‘નગાનંદ’ નામનાં ત્રણ સુંદર નાટકો લખ્યાં, જે તેને પ્રથમ કક્ષાના કવિની હરોળમાં સ્થાન અપાવે છે. હર્ષવર્ધને રાજધાની કનોજમાં ઘણા કવિઓ અને કલાકારોને એકઠા કર્યા હતા. તે વિદ્વાનોને ઉત્તેજન આપવા રાજ્યની આવકનો ચોથો ભાગ વાપરતો હતો. બાણભટ્ટ હર્ષવર્ધનનો રાજકવિ હતો. તેણે ‘હર્ષચરિત’ અને ‘કાદંબરી’ લખ્યાં, ‘મયુરશતક’નો રચયિતા કવિ મયુર તેના સમયનો મહાન કવિ હતો. વેદશાસ્ત્રોમાં પારંગત મહાપંડિત જયસેન તેના દરબારનું અણમોલ રત્ન હતું. હર્ષવર્ધનના સમયમાં નાલંદા વિદ્યાપીઠનો ઘણો વિકાસ થયો હતો. તે નાલંદા વિદ્યાપીઠને પણ સારી આર્થિક સહાય કરતો હતો. આમ, સમ્રાટ હર્ષવર્ધનને વિદ્વાન રાજા માનવામાં આવે છે.

## 11.ઇતિહાસકારોએ હર્ષવર્ધનને 'પ્રાચીન ભારતનો છેલ્લો મહાન રાજા' કેમ કહ્યો છે?

- હર્ષવર્ધન મહાન વિજેતા, કુશળ વહીવટકતા અને રાજનીતિજ્ઞ, વિદ્વાન, સાહિત્યપ્રેમી અને ધર્મસહિષ્ણુ રાજા હતો. હર્ષવર્ધને થાણેશ્વર જેવા એક નાના રાજ્યને વિજયો દ્વારા વિશાળ સામ્રાજ્યમાં ફેરવી નાખ્યું અને તે લગભગ સમસ્ત ઉત્તર ભારતના મહાન સમ્રાટ બન્યો. હર્ષવર્ધન અશોક જેવો ધર્મસહિષ્ણ અને સમુદ્રગુપ્ત જેવો મહાન સેનાપતિ હતો. ઈ. સ. 647માં તેના અવસાન પછી તેના સામ્રાજ્યનો અંત આવ્યો અને ઉત્તર ભારત કરીથી નાનાં નાનાં સ્વતંત્ર રાજ્યોમાં વહેચાઈ ગયું. આથી ઇતિહાસકારોએ હર્ષવર્ધનને 'પ્રાચીન ભારતના છેલ્લો મહાન રાજા' કહ્યો છે.

## 12.ફાહિયાનની પ્રવાસનોંધ ભારત માટે કઈ રીતે ઉપયોગી છે?

- ફાહિયાને સમ્રાટ ચંદ્રગુપ્તના શાસનકાળ દરમિયાન ભારતનો પ્રવાસ કર્યો હતો. તષ્કકાલીન ભારતની રાજકીય પરિસ્થિતિ વિશે તેણે કરેલું વર્ણન અત્યંત ઝીણવટભર્યું અને મહત્ત્વપૂર્ણ છે. તેના જણાવ્યા મુજબ તત્કાલીન રાજતંત્ર ઘણું ઉદાર અને કાર્યક્ષમ તથા પ્રજા સુખી, મુક્ત, સુરક્ષિત અને સમૃદ્ધ હતી. ફાહિયાને વર્ષો સુધી નિર્જન માર્ગો પર સલામત રીતે પ્રવાસ કર્યો હતો, છતાં તેને કોઈ ખરાબ અનુભવ થયો ન હતો. તે યુગમાં પ્રવાસીઓને માનની નજરે જોવામાં આવતા હતા. સમગ્ર રાજ્યમાં જીવહત્યા, મદ્યપાન કે લસણ અને ડુંગળી ખાવા પર પ્રતિબંધ હતો. તે વખતનું ભારત આર્થિક ક્ષેત્રે સંપન્ન હતું. તમામ ધર્મસંપ્રદાયો વચ્ચે સમભાવ પ્રવર્તતો હતો. આમ, ફાહિયાનની પ્રવાસનોંધ ભારત માટે ઉપયોગી છે.

## 13. ચંદ્રગુપ્ત પ્રથમ લિચ્છવી ગણરાજ્યની રાજકુમારી કુમારદેવી સાથે કેમ લગ્ન કર્યા?

- ચંદ્રગુપ્ત પ્રથમે લિચ્છવી ગણરાજ્યની રાજકુમારી કુમારદેવી સાથે લગ્ન કર્યો, કારણ કે તેને લીધે મગધના નાના રાજ્યનો વિસ્તાર પૂર્વમાં બંગાળ અને દક્ષિણમાં વર્તમાન મધ્ય પ્રદેશ સુધી વધારીને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શક્યો. સમ્રાટ ચંદ્રગુપ્ત અભિલેખોમાં પોતાના માટે પ્રયોજેલ 'લિચ્છવી દોહિત્ર' શબ્દ પણ લિચ્છવીઓની પ્રતિષ્ઠા દર્શાવે છે.

## 14.યુએન-શવાંગની પ્રવાસનોધ શાથી ઉપયોગી છે?

- યુઆન -શ્વાંગ સમ્રાટ હર્ષવર્ધનના સમયમાં ભારત આવ્યો હતો. ભારતના પ્રવાસ દરમિયાન તેણે જે જોયું અને અનુભવ્યું તેનું તાદશ વર્ણન તેના પુસ્તક 'સી-યુ-કી'માં કર્યું છે. આ પુસ્તકમાંથી હર્ષવર્ધનકાલીન ભારતની રાજકીય, આર્થિક, સામાજિક અને ધાર્મિક પરિસ્થિતિની સારી માહિતી મળે છે. તે નોંધે છે કે સમ્રાટ હર્ષવર્ધન પ્રજાકલ્યાણકારી, કર્તવ્યનિષ્ઠ, ન્યાયી તેમજ ઉદાર શાસક હતો.
- હર્ષવર્ધનકાલીન પ્રજાજીવન અત્યંત પ્રભાવશાળી અને સાત્વિક હતું. યુએન-શવાંગ રાજમહેલો, રાજભવનો, ભવ્ય મંદિરો, બૌદ્ધ મધ્ય અને વિહારોની ભવ્યતા અને સમૃદ્ધિ જોઈ અત્યંત પ્રભાવિત અને પુલકિત થયો હતો. સમ્રાટ હર્ષના બૌદ્ધ સહિત અન્ય ધર્મ તરફના અભિગમનાં તે ભરપેટ વખાણ કરે છે. વલભી વિદ્યાપીઠ જેન ધર્મના શૈક્ષણિક પ્રસારનું પ્રચલિત વિધાધામ હતું, તેથી તેણે સ્પષ્ટ નોંધ કરી છે. આમ, યુએન-વાંગની પ્રવાસનોંધ ઉપયોગી છે.